# માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરોઓના સામાજિક સમાયોજનનો અભ્યાસ

ડૉ. પ્રકાશ એચ. વિછીયા
કરાર આધારિત વ્યાખ્યાતા,
સરકારી વિનયન કોલેજ સાગબારા, જિ.નર્મદા.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનનો હેતુ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરાઓના સામાજીક સમાયોજનના માપન અંગેનો હતો. જેમા કુલ ૮૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે લેવામાં આવે હતા. ૮૦ વિદ્યાર્થીઓમાં ૪૦ છોકરીઓ અને ૪૦ છોકરાનો સમાવેશ કરવામાં આવ્યો. માહિતીના આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ માટે t-test નો ઉપયોગ કરવામાં આવ્યો. અહી છોકરીઓ અને છોકરાઓના સમાયોજનના tની કિંમત=3.22 જોવા મળી. જે 0.05 તથા 0.01 કક્ષાએ સાર્થક જોવા મળે છે. છોકરીઓ અને છોકરાઓનો મધ્યક અનુક્રમે 28.95 અને 33.40 જોવા મળે. તેના પરથી કહી શકાય કે માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ કરતા છોકરાઓમાં સામાજીક સમાયોજનશીલતા વધુ જોવા ધરાવે છે. તેમ તેના મધ્યકો પરથી કહી શકાય.

## ૧. પ્રસ્તાવના

વ્યક્તિત્વના અભ્યાસ માટે જુદી જુદી વિશેષતાઓ, ગુણલક્ષણો તેમજ જુદા પ્રવર્તકોનું માપન કરવામાં આવે છે. આ ગુણલક્ષણોની બાબતમાં મુખ્યત્વે અંતરમુખીપણું, બહિર્મુખીપણુ, સમાયોજનશીલતા, સુગ્રથિતતા, અભિરુચિ, આંકાક્ષાસ્તર વગેરેનું માપન કરવામાં આવે છે. જન્મથી મૃત્યુ સુધી પ્રાણી કે મનુષ્યનું વર્તન આંતરીક અને બાહ્ય રીતે વાતાવરણના વિશિષ્ટ ક્ષેત્રોમાં સમાયોજન સ્થાપિત કરવા માટે પ્રયત્નશીલ હોય છે. એલેકઝાન્ડર અને ટીશનરના મતાનુસાર સમાયોજનની પ્રક્રિયા અનેક બાબતોને સૂચિત કરે છે. સમાયોજન એક વ્યકિતગત પ્રક્રિયા છે. જીવનના વિવિધ ક્ષેત્રોમાં સમાયોજન વિવિધ પ્રકારનું હોય છે. **દા.ત.** કૌટુંબિક સમાયોજન, શૈક્ષણિક સમાયોજન, સામાજીક સમાયોજન,વ્યવસાયિક સમાયોજન, લગ્ન કે દામ્પત્ય સમાયોજન.

## ૨. સમાયોજનની વ્યાખ્યાઓ

"સમાયોજન એક એવો પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યકિત પોતાની જરૂરિયાતો અને જરૂરિયાતોની તૃપ્તિ પર અસર કરનારા સંજોગો વચ્ચે સમતુલા ટકાવે છે."

-બોરિંગ લેંગફિલ્ડ

સમાયોજનએ જરૂરિયાત અને પરિસ્થિતિ વચ્ચે અસરકારક મેળ સાધવાની વ્યકિતની મથામણનુ પરિણામ છે.

-કોલમેન.

## ૩. સમાયોજનના લક્ષણો

**સમાયોજનના વિવિધ લક્ષણોને મુજબ સમજાવી શકાય.**

(૧) સમાયોજન એક આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે.

વ્યકિત-વ્યકિત, જુથ-જુથ કે એક સમાજ દ્વારા બીજા દેશ કે રાષ્ટ્ર તરફ જે ક્રિયા અને પ્રતિક્રિયા થાય છે. તેને આંતરક્રિયા કહે છે. આમ, સમાયોજનએ આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે.

**(૨) સમાયોજનએ શરણાગતિ કે અનુરૂપતા નથી.**

સમાયોજનએ કોઈના તાબે થવાની પ્રક્રિયા નથી. આમ, સમાયોજનમાં કોઈની શરણાગતિ સ્વીકારવાની નથી, કે અનુરૂપ થવાની બાબત હોતી નથી.

**(૩) સમાયોજનએ અવિરત ચાલતો પ્રક્રિયા છે.**

વ્યકિત જન્મે છે. ત્યારથી જુદા-જુદા વાતાવરણ સાથે વિવિધ રીતે સમાયોજન સાધવાનો પ્રયત્ન કરે છે. તેથી, કહી શકાય કે સમાયોજનએ અવિરત ચાલતો પ્રક્રિયા છે.

**(૪) સમાયોજન વિકાસાત્મક પ્રક્રિયા છે.**

જેમ-જેમ વ્યકિત મોટો થતો જાય છે. તેમ-તેમ જીવનના અન્ય ક્ષેત્રો કે વાતાવરણ સાથે સમાયોજન સાધવાની પ્રક્રિયામાં સુધારા કે વિકાસ થતો જાય છે.

**(૫) અપરિવર્તન પણ સમાયોજન ઉપજાવી શકે.**

કેટલાક સંજોગોમાં વ્યકિત જુદી-જુદી પરિસ્થિતિમાં પરિવર્તન કરતો નથી. પરંતુ તે પરિવર્તન કર્યા વગર પણ સમાયોજન સાધી શકે છે.

**(૬) સમાયોજનમાં કારણો અને પરિણામોની બહુલતા પ્રવર્તે છે.**

જ્યારે વ્યકિત જુદી જુદી પરિસ્થિતિ સાથે સમાયોજન સાધે છે. ત્યારે તેની પાછળના વિવિધ કારણો હોય છે. આ કારણો તથા પોતાના વાતાવરણ સાથે સમાયોજન સાધે છે. આમ, કારણો અને પરિણામોની બહુલતા પ્રવર્તે છે.

## ૪. સમાયોજનના પ્રકારો

સમાયોજનના જુદા જુદા પ્રકારો જુદા જુદા વર્ગીકરણો મુજબ પાડવામાં આવ્યા છે. જેને નીચે મુજબ જોઇશું.

વર્ગીકરણ-૧ મુજબ

(૧) વૈયકિત સમાયોજન

(૨) સામાજીક સમાયોજન

**વર્ગીકરણ-૩ મુજબ**

(૧) સુસમાયોજન

(૨) કુસમાયાજન (પ્રત્યાપન)

(૩) તીવ્ર મનોવિકૃતિના મંડાણરૂપ વ્યકિતત્વ વિયોજન.

## ૫. સમાયોજનના ક્ષેત્રો

સમાયોજનના વિવિધ ક્ષેત્રોને નીચે મુજબ સમજાવી શકાય.

(૧) **કૌટુંબિક સમાયોજન**

જ્યારે મોટાભાગના પરિવારના સભ્યો એકસાથે રહેતા હોય તેને કુટુંબ કહેવામાં આવે છે. વ્યકિત પોતાના કુટુંબને ટકાવી રાખવા માટે તેમજ કૌટુંબિક સમસ્યાઓને દુર કરવા માટે વિવિધ રીતે સમાયોજન સાધે છે. તેને કૌટુંબિક સમાયોજન કહેવામાં આવે છે. કૌટુંબિક જીવનની કટોકટીઓ જવી કે અકસ્માન, લાંબી માંદગી, બેકારી તેવી જ રીતે કુટુંબમાં કેટલાક પ્રશ્નો હોય છે. જેવા કે ભાઈભાડુ વચ્ચે સ્પર્ધા, નાકરી કરતા પતિ-પત્નિની સમસ્યાઓ, આવી સમસ્યા દુર કરવા માટે કુટુંબ કેટલાક કાર્યો કરે છે. જેમ કે પ્રજોત્પતિ, બાળનું રક્ષણ અને સંભાળ, સામાજીકરણ, કેળવણી વગેરે દ્વારા કૌટુંબિક સમાયોજન સાધવામાં આવે છે.

**(૨) શાળાકીય સમાયોજન**

બાળક પાંચ વર્ષનું થાય ત્યારે તેને શાળામાં દાખલ કરવામાં આવે છે. તેમાં શાળા નવી હોય છે, ત્યાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ નવા હોય છે, શિક્ષકોથી ડર લાગતો હોય છે, વગેરે બાબતો સાથે સમાયોજન સાધવામાં આવે તેને શાળાકીય સમાયોજન કહેવામાં આવે છે.

**(૩) લગ્ન-સમાયોજન**

સ્ત્રી-પુરૂષ જ્યારે સમાજમાન્ય રીતે જાતીય-ગ્રંથિથી જોડાય છે. તેને લગ્ન-સમાયોજન કહેવામાં આવે છે. લગ્ન પહેલા જીવનસાથીની પસંદગી કેવી રીતે કરવી, તેમજ જાતીય સંબંધો કેવી રીતે બાંધવા તેના કેટ કેટલી બાબતોનું ધ્યાન રાખવું, જીવનસાથીને ખૂશ રાખવા માટે શું કરવું, વગેરે બાબતો સાથે સમાયોજન સાધવામાં આવે તેને લગતું સમાયોજન કહેવામાં આવે છે.

**(૪) વ્યવસાયિક સમાયોજન**

વ્યકિતના જીવનના કેટલાક મહત્વના પ્રશ્નોમાંનો એક પ્રશ્ન વ્યવસાયનો છે. 'હપનર' નામના મનોવૈજ્ઞાનિકે કહ્યું કે " વ્યવસાય અભિરુચિ કે અભિયોગ્યતા પ્રમાણે વ્યવસાય પસંદ કરવામાં આવે છે. કેટલીકવાર વ્યકિત વ્યવસાય પસંદ કરે છે. પરંતુ, તેમા, તેને સંતોષ હોતો નથી. તેને ભય કે ચિંતા સતત સતાવ્યા કરે છે. સ્ત્રી વ્યવસાય કે નોકરી કરતી હોય તો તેને બેવડી ભૂમિકા ભજવવાના હોય છે. આમ, વ્યવસાયમાં વિવિધ બાબતો સાથે સમાયોજન સાધવામાં આવે છે.

**(૫) વૃદ્ધવસ્થાનું સમાયોજન**

વ્યકિત જ્યારે વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે ત્યારે તેની શકિત ધીમે-ધીમે નષ્ટ થતી જાય છે. તેની, કાર્યશકિત ઘટી જાય છે. આંખ, કાન વગેરે જ્ઞાનેન્દ્રિયો આછું કાર્ય કરે છે. બૌદ્ધિકશકિત મંદ પડી જાય છે. તેમજ સતત ચિંતા કે વિવિધ પ્રકારની બિમારીઓના કારણ સ્વભાવ ચિડિયો બની જાય છે. નોકરીના પેન્શનને કારણે દિવસ માંડ-માંડ વિતાવવો પડે છે. આમ, વૃદ્ધાવસ્થા દરમ્યાન અનેક પ્રશ્નો સતાવે છે. જેવી બાબતો સાથે વ્યકિતએ સતત સમાયોજન સાધવું પડે છે.

**૬. સમાયોજનની ઉપયોગીતા**

(૧) વિવિધ કુસમાયોજનને રાકવા માટે ઉપયોગી છે.
(૨) શાળાકીય ઉંમર દરમ્યાન વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો મેળવવા માટે ઉપયોગો.
(૩)લગ્ન-જીવનને સુખી બનાવવા તેમજ વ્યવસાયમાં નિષ્ફળતાને રોકવા માટે તથા નફો વધારવા માટે ઉપયોગી.
(૪) વ્યકિત વિવિધ વાતાવરણમાં પોતાના વર્તનની અરાજકતાને રોકવા માટે સમાયોજન સાધી શકાય છે.
(૫) વિવિધ સંઘર્ષયુકત પરિસ્થિતિને રોકવા માટે ઉપયોગી સાબિત થાય છે.
(૬) વ્યકિતને પોતાની આત્મજાણકારી મેળવવા માટે સમાયોજન ઉપયોગી થાય છે.
(૭) વ્યકિત વિવિધ અવસ્થા દરમ્યાન સમાયોજિત રહે તો પોતાનુ સમાયોજિત જીવન શકય બનાવે છે.

**૭. સમાયોજન કેવી રીતે સુધારી શકાય છે.**

(૧) વ્યકિત પોતાની સ્વ. જાણકારી વધારીને સમાયોજનમાં સુધારો કરી શકે છે.
(૨) વ્યકિત અન્યની જરૂરિયાતો અને લાગણીઓ પ્રત્યે વધુ સભાન બને તો સમયોજન સારી રીતે સાધી શકે છે.
(૩) કોઇ પણ સમસ્યાની સર્વ આપીને સમાયોજન સુધારી શકાય છે.

**૮. સમાયોજનના અભ્યાસો**

(૧) સમાયોજન માપનના ક્ષેત્રમાં સૌપ્રથમ ઇ.સ.૧૯૩૧માં 'રોજર્સ' પ્રાથમિક શાળાના બાળકો માટે " રોજર્સ સમાયોજન સૂચિ " બનાવી હતી.

(૨) ઇ.સ.૧૯૩૪ માં 'બેલે' સમાયોજન સૂચિ બનાવી હતી. જેમાં પાંચ ક્ષેત્રો જેવા કે ઘર, તંદુરસ્તી, સામાજીક આવેગિક અને વ્યવસાયનું માપન કરવામાં આવે છે. ખાસ કરીને સમાયાપજન સમસ્યાની જાણકારી માટે આ સાધનોનો બહોળો ઉપયોગ થાય છે. આ સાધનનું ગુજરાતીમાં રૂપાંતર કરીને પ્રમાણિત કરવાનો પ્રયાસ મનોજ્ઞાન ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટમાં પણ થયો છે.
(૩) અલીગઢ મુસ્લીમ યુનિર્સિટીન એચ. એન. સંસ્થાના એ સામાન્ય સમાયોજન માપન માટે સમાયોજન સૂચિ બનાવી હતી.
(૪) ૧૯૬૫માં સાગર યુનિવર્સિટીના પ્રો. જયપ્રકાશ સમાયોજન પ્રશ્નાવલી બનાવી હતી.
(૫) ૧૯૬૮માં પટનમાં પ્રો. એ. કે. પી. સિન્હાએ હાઇસ્કુલના વિદ્યાર્થીઓ માટે સમાયોજન સંશોધનિકા બનાવી હતી.

## ૯. સંશોધન સમસ્યા

''માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરાઓના સામાજીક સમાયોજનનો અભ્યાસ. ''

## ૧૦. સંશોધનનો હેતુ

પ્રસ્તુત સંશોધનનો હેતુ '' માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરાઓના મધ્યકો વચ્ચે તફાવત તપાસવા અંગેનો છે. ''

## ૧૧. શૂન્ય ઉત્કલ્પના

'' માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરીઓના સામાજીક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત નથી. ''

## ૧૨. સંશોધનના સાધનો

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી સમાયોજનના માપન માટે ડૉ.પ્રમોદકુમાર રચિત સામાજિક સમાયોજન સંશોધનિકાઓ ઉપયોગ કરવામાં આવ્યો. અર્ધ વિભાજન પદ્ધની સ્પીયરમેન બ્રાઉન સૂત્ર મુજબ (=૧૦૮) ''r'' ની કિંમત ૦.૮૮ છે. જ્યારે વિશ્વાસનીયતા આંક ૦.૯૩ છે. કસોટી પુનઃ કસોટી વિશ્વાસનીયતા પુરૂષો માટે (=૬૩) ''r'' ની કિંમત ૦.૮૧ છે. જ્યારે વિશ્વાસનીયતા આંક ૯૦ છે. જ્યારે સ્ત્રીઓ માટે (=૫૧) ''r''ની કિંમત ૦.૭૪ છે. વિશ્વાસનીયતા આંક ૦.૮૬ છે.

## ૧૩. નિર્દેશ

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી અહીં કુલ ૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૪૦ છોકરીઓ અને ૪૦ છોકરાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ૧૪. સંશોધન યાજના

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી માહિતી પ્રાપ્ત કરવા માટે સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુકિત t-test નો ઉપયોગ કરવામાં આવે છે.

**પરિણામ કોષ્ટક અને પરિણામ**

| ક્રમ | વિગત | N | S.D | Mean | T | Sig. |
|---|---|---|---|---|---|---|
| ૧. | છોકરીઓ | ૪૦ | ૭.૬૪ | ૨૮.૯૫ | ૩.૨૨ | ૦.૦૧ |
| ૨. | છોકરાઓ | ૪૦ | ૪.૨૧ | ૩૩.૪૦ | | |

Significant level 0.05=1.99, 0.01=2.64

ઉપરોક્ત પરિણામ કોષ્ટક જોતા ખ્યાલ આવે છે કે માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ અને છોકરાઓના સામાજીક સમાયોજનનું પ્રમાણ વિચલન અનુક્રમે ૭.૬૪ અને ૪.૨૧ જોવા મળે છે. તથા છોકરીઓનો મધ્યક ૨૮.૯૫ અને છોકરાઓનો મધ્યક = ૩૩.૪૦ જોવા મળે છે. બન્ને વચ્ચેના t ની કિંમત ૩.૨૨ જોવા મળે છે. જે ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. તેથી અહી આપણે બાંધેલ ઉત્કલ્પના છોકરીઓ અને છોકરાઓના સામાજીક સમાયોજનમાં તફાવત નથી તે ઉત્કલ્પના ખોટી ઠરે છે તેવી જ રીતે અહી મધ્યકોને ધ્યાનમાં લેતા છોકરીઓ કરતા છોકરાઓ વધુ સમાયોજનશીલ છે. તેમ મધ્યકો પરથી કહી શકાય.

## ૧૫. નિષ્કર્ષ

પ્રસ્તુત સંશોધન હેતુને ધ્યાનમાં રાખી પરિણામ ચર્ચા પરથી નીચે મુજબ નિષ્કર્મ તારવી શકાય.‘‘ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરીઓ અને છોકરાઓના સામાજીક સમાયોજનમાં સાર્થક તફાવત જોવા મળે છે. તેવી જ રીતે મધ્યકોની દૃષ્ટિએ છોકરીઓ કરતા છોકરાઓ વધુ સામાજીક રીતે સમાયોજનશીલ છે. તેવું જોવા મળે છે.